RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-05
May-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# ગાંધીજીના જીવનમાં સાંસ્કૃતિક, આધ્યાત્મિક શિક્ષણનો પ્રભાવ

ડૉ.મયૂરકુમાર કનુભાઈ પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી આઈ.જે.પટેલ બી.એડ્. કોલેજ, મોગરી, આણંદ, ગુજરાત

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online: 25 May 2019*

**Keywords**
દયાનંદ સરસ્વતી, શ્રી અરવિંદ, ગુરુદેવ ટાગોર, લોકમાન્ય ટિળક

**ABSTRACT**

શિક્ષણમાં ઘણા બધા તત્વચિંતકોએ પોતાનો સિહ ફાળો આપ્યો છે. જેમાં આપના પૂર્વના તત્વચિંતકોમાં ગાંધીજી, સ્વામી વિવેકાનંન્દ , સ્વામી દયાનંદ સરસ્વતી , શ્રી અરવિંદ , ગુરુદેવ ટાગોર , લોકમાન્ય ટિળક વગેરે. તેમના ગાંધીજી એ આપણાં દેશના રાષ્ટ્ર પિતા તરીકે ઓળખાય છે. જેમને આપના દેશને આઝાદી અપાવવામાં અહિંસાના પગલે સિહ ફાળો આપ્યો છે.તેમનું જીવન એ જ તેમનો ઉપદેશ હતો. તેમના જીવન વિશે આપણે માહિતગાર થાવું જ જોઈએ. માટે તેમના જીવનમાં તેમણે જે સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક મૂલ્યો ને જીવનમાં સ્થાન આપી તેઓ જે સામાન્ય માણસમાંથી મહાત્મા બન્યા તેના વિષે માહિતગાર થઈને આપણાં જીવનમાં શિક્ષણ થકી તેમના ગુણો ઉતારી આપની જાતને પણ મહાત્મા બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી આપણે પણ સાદગી સાથે જીવન જીવી ઉચ્ચ સંસ્કાર મેળવી તેમજ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરી જીવના અંતિમ ધ્યેય કે જે મોક્ષની પ્રાપ્તિ હોય તે તરફ પ્રસ્થાન કરી શકીએ તેમજ આપણ પોતાના જીવનને સાર્થક કરી શકીએ.

**પ્રસ્તાવના:-**

ગાંધીજીનો જન્મ ઈ.સ. 1869ના રોજ પોરબંદરમાં શ્રી કરમચંદ ગાંધીને ત્યાં થયો હતો. તેમના માતાજી ખૂબ જ સંસ્કારી અને ધર્મ પરાયણ હતા. માટે તેમનામા સંસ્કૃતિ જન્મથી જ વારસાગત મળી હતી. જેમાં તેમના પિતા તરફથી સત્યનિષ્ઠા અને સિધ્ધાંતનિષ્ઠા મળી હતી. રમાબાઈ નામની તેમના ઘરમાં કામ કરતી સ્ત્રીએ તેમને નીડરતા અને રામ નામનો જાપ જેવા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ગુણો કેળવ્યા હતા.નાની ઉમરે જ તેમણે ગીતા, રામાયણ અને વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કારો પ્રાપ્ત કર્યા હતા.આ પ્રભાવો એ તેમની નૈતિકનિષ્ઠા તથા ધાર્મિક આંતરસૂઝણને પ્રદીપ્ત કરવામાં ભાગ ભજવ્યો હતો.સત્ય પ્રત્યે સમર્પણ એ તેમનામાં બાળપણથી જ અંતર્ગત થઈ ગયું હતું. તેમને બાળપણમાં જ “શ્રવણકુમાર ”અને “હરિશ્ચંદ્ર” નાટકના પ્રભાવથી તેમણે સત્યના પાઠ મેળવ્યા હતા. જે તેમના બાળપણમાં બીડીની લાત લાગતા દેવું થયું હતું અને તે ભરપાઈ કરવા સોનાનું કડુ વેચીને ચુકવ્યા હતા અને તે વાત મનમાં લાગી આવતા તેમણે ચિઠ્ઠી દ્વારા તેમના પિતાજી ને તેની જાણ કરી હતી. જે તેમની સત્ય પ્રત્યેની તેમની બાળપણની નિષ્ઠા દર્શાવે છે.

તેઓ જયારે કાયદાનો અભ્યાસ કરવા ઈંગ્લેંડ ગયા ત્યારે તેમની માતાએ તેમની માંસ , મદિરા અને પરસ્ત્રીનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી , ત્યાં એમને એક મોહિની નામની સ્ત્રી પ્રત્યે આકર્ષણ થયું. પરતું તે ઝાંખો સમય ટકી શક્યું નહી. ‘જાગ્યા ત્યાંથી સવાર ’ માણવાની ટેવ તેમનામા ત્યારથી જ દ્રઢ બનેલી અને આમ મોહનદસ પોતાના સંસ્કારો , અનુભવની ગુણવતા તપાસવા અને નક્કી કરવાની તત્પરતા તથા આત્માભિમુખ સ્વનિરીક્ષણને કારણે પતનના દ્વાર સુધી પહોંચી કોઈ પણ જાતની અનિચ્છનીય અસર ગ્રહણ કર્યા વગર પાછા ફર્યા હતા. ઈંગ્લેંડમાં તેઓ રોમ પાસે વેટિકન સિટીના સેન્ટ પીટર્સમાં સંપર્કમાં આવતા તેમણે ભગવાન ખ્રિસ્તનું પૂતળું જોયું ત્યારે તેમની આંખમાંથી આંસુ સારી પડેલા. તેમને જિસસના જીવન અને વ્યક્તિત્વ માટે અપાર સન્માન હતું. પરિણામે તેમના જીવન પર ક્રાઈસ્ટના વચનોનો પ્રભાવ પડ્યો હોય એવી સંભાવના નકારી શકાય નહીં. ટોલ્સટોયના “ઈશ્વરનું રાજ્ય તારી ભીતરમાં જ હોવાની” વાતે ખ્રિસ્તી સિધ્ધાતનું નવું જ અર્થઘટન કરેલું. મહાત્મા ટોલ્સટોયે ગાંધીજીના વિચારો પર અનેક રીતે પ્રભાવ પડ્યો છે. એ જ રીતે અમેરિકાના મહાન ચિંતક મહાત્મા થોરોએ ગાંધીવિચાર પર પોતાનો પ્રભાવ પાડ્યો

છે. તેમના પ્રજાકીય સવિનય અસહકારના વિચારે ગાંધીજીને સામાજિક અને રાજકીય પ્રબળ સમસ્યાઓ ઉકેલવા માટે અહિંસાની પ્રયુક્તિનો શકયતાનું દર્શન કરાવ્યુ.સામાજિક ન્યાય અંગેનું તેમનું ચિંતન, રંગભેદની નીતિનો સાક્ષાત્કાર વગેરે જાત અનુભવનો તેમનો ફલિતાર્થ છે કે તેમને દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન ટ્રેનની મુસાફરી દરમિયાન થઈ અને એની જ અનુભૂતિ તેમણે તે સમયે પોતાના દેશમાં પ્રજામાં જે ઉચ્ચ-નીચના લોકોને થતાં તેનો અંદાજ મેળવ્યો અને પોતાની જાતને તે પ્રકારના દેશમાં થતાં અન્યાય પ્રત્યે જાગ્રત કરી તેને ઉકેલવા માટે પ્રયત્નશીલથયા હતા. અને તે સમયે તે આ સમસ્યાનું કારણ શોધવા પણ પ્રયત્નશીલ બન્યા હતા. અને તે દરમિયાન તેમણે સ્વઅવલોકન દ્વારા શોધી કાઢ્યું કે આ દેશ ગરીબી , અજ્ઞાન અને અંધશ્રધ્ધાને કારણે પરતંત્ર છે. આના નિવારણ માટે તેમણે 'એકતા' નો ખ્યાલ રજૂ કર્યો. તેઓ કહે છે કે 'હું અદ્વેતમાં માનું છું. ' યથા પિંડે તથા બ્રહ્માંડે ' એ ન્યાયે માણસ માત્રમાં એક જ આત્મા વ્યાપી રહ્યો છે તેમ તેઓ માનતા. તેઓ કહેતા કે "હું ઈશ્વરની અને તેથી માનવજાતની સંપૂર્ણ એકતામાં માનું છું." તેઓ આધ્યાત્મિક દ્રષ્ટિએ માનતા કે આપની આસપાસનું જગત હમેશા પલટાયા કરે છે , નાશ પામે છે , છંતાય એ બધાય પલટાઓની પાછળ એક અવિકારી , સ્થિર , બધાને ધારણ કરવાવાળી, બધાનું સર્જન કરનારી સર્વનો વિલય કરનારી અને બધાયનું ફરી સર્જન કરનારી એક સત્તા રહેલી છે , એવું લાગે છે. આ સત્તાનું સ્વરૂપ કેવું ? તો ગાંધીજી કહે છે એ સતા: "કેવળ પ્રેમમય છે, કેવળ શુભ છે, કારણ હું હાર પળે જાઉં છું કે મૃત્યુની વચ્ચે જીવન કાયમ ટકી રહેલું છે. એથી હું સમજુ છું કે ઈશ્વર સત્ય છે , જીવંત છે, પ્રકાશ છે. એ જ પ્રેમ છે , એ જ પરમ કલ્યાણકારી છે." આ સત્ય એટલે શું ? તેના જવાબ માં ગાંધીજી કહે છે કે, "અંતરાત્માનો અવાજ" મનુષ્યનું અંતસ્તલ – આત્મિક ઊર્મિ જ સત્ય. અને આ સત્યનો સાક્ષાત્કાર કરવાનું સાધન એટલે અહિંસા અથવા પ્રેમ. તેઓ કહે છે કે જેનું હ્રદય અહિંસક એટલે કે પ્રેમથી પરિવર્તિત છે , તેને જ ઈશ્વરનો એટલે કે સત્યનો સાક્ષાત્કાર થાય છે. અને સત્યનો સાક્ષાત્કાર એટલે જ મનુષ્યના મનુષ્યત્વનો સાક્ષાત્કાર.

જ્યારે તેઓ એક કેસના બનાવમાં પ્રથમ વર્ગની મુસાફરી દરમ્યાન તેમને જે કડવો અનુભવ થયો તે અનુભવને તેમણે સર્જનાત્મક અનુભવ તરીકે ગણાવ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં વસવાટ દરમિયાન તેમના બાળકોના શિક્ષણ ઉપરાત જેલવાસી સાથીઓ અને બાળકોના શિક્ષણની જવાબદારી આવતા તેમણે ટોલ્સટોય ફાર્મની શિક્ષણ સંસ્થામાં તેમણે કામ કર્યું, જ્યાં ભણતર ઉપરાત રસોઈ , ઉધાન કર્મ , સુથારી કામ , ચંપલ સીવવા જેવી પ્રવૃતિઓ પણ ત્યાં શીખવાતી હતી. આત્મજ્ઞાનની કેળવણી વિષે તેઓ લખે છે : " આત્માની કેળવણી એક નોખો જ વિભાગ છે એમ તેઓએ ટોલ્સટોય આશ્રમમાં બાળકોને શીખવવા માંડ્યુ તેની પૂર્વે જ જોઈ લીધું હતું. આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર્ય ઘડવું , ઈશ્વરનું જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું.

સત્યનો જે તેમના મન પર બાળપણથી જ પ્રભાવ પડ્યો હતો તે તેમના જીવનના અંત સુધી તેમનામા સ્થાયી થયેલો હતો. તેઓ કહેતા કે "મારે માટે સત્ય સિવાય બીજો કોઈ ભગવાન નથી," એટલે કે "સત્ય એ જ ઈશ્વર છે. " તેઓ માનતા કે માનવ સેવા એ જ પ્રભુ સેવા છે. એમને અપનાવેલો બીજો માર્ગ અહિંસા છે. તેઓ અહિંસાના સાચા પૂજારી હતા. અહિંસા એમના માટે એવું નૈતિક બાલ છે જેની સામે પ્રબળ શક્તિ જુકી જાય છે. અહિંસા એટલે "કોઈને ન મારવું એ તો છે જ ; કુવિચાર પાત્ર હિંસા છે , ઉતાવળ હિંસા છે , દ્રેષ હિંસા છે , કોઈનું બૂરું ઇચ્છવું તે હિંસા છે. જગતને જે જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે." એમની દ્રષ્ટિ એ સત્ય અને અહિંસા એ એક જ સિક્કા ની બે બાજુઓ છે. ગાંધીજી કહે છે કે અહિંસા સાધન છે તો સત્ય સાધ્ય છે.

તેમના જીવન પરથી જોઈ શકાય છે કે તેમણે અહિંસાના સાધનથી સત્ય સિધ્ધ કરી બતાવ્યુ. આ ઉપરાત બ્રહ્મચર્ય, અસ્તેય , અપરિગ્રહ , વગેરે ધર્મોનું આચરણ કરી બતાવ્યુ. ગાંધીજી કોઈપણ મૂલ્યો પહેલા પઓથે સમજતા તેને આચરણમાં મૂકતા અને પછી લોકોને તેને આચરણમાં મૂકવા સમજાવતા.

તેમના મતે એવા રામરાજ્યની કલ્પના હતી , જેમાં રાજા અને પ્રજા બધાનું પદ સમાન હોય. જેમાં સમાજનું

RRIJM 2015, All Rights Reserved

વિઘટન કરનારી દીવાલ ના હોય. તેઓ અહને ભૂલીને “વસૂધેવ કુટુંબકમ” ના સિધ્ધાતને જીવન વ્યવ્હાહારને સ્થાન આપે છે. ગાંધીજી વર્ગવિહીન, શોષણરહિત, અને સહકારમૂલક સમાજની રચનામાં માનતા હતા.

તેમનું રાજ નૈતિક જીવન પણ તેઓ સત્ય , અહિંસા અને સત્યાગ્રહ પર આધારિત છે. તેમના મતે સમાજકરણ , અર્થકારણ અને રાષ્ટ્રકારણ ત્રણેયનું મૂળ કારણ કેળવણી છે , એ પ્રતીતિએ જ ગાંધીજીને કેળવણી વિષે વિચારવાની અને તેને પોતાનો રચનાત્મક કાર્યોમાં અગ્રસ્થાને મૂકવાની પ્રેરણા આપેલી. તેમનું જીવન અનેક પ્રયોગો , પરિણામો અને સંસિધ્ધિઓથી પરિપ્લાવિત હતું. પોતાનું જે જીવન તેમણે ભારતીય પ્રજાના જીવન માટે સમર્પી દીધું હતું એ જ જીવનનો અંત પણ ભારતીયના હાથે 30મી ઓક્ટોમ્બર 1948ના રોજ જે જીવનદીપથી સ્વાતંત્ર્યનો દીપ પ્રગટ્યો હતો એ જ દિપક બુજાઈ ગયો હતો.

## References:


1. ગાંધી મોહનદાસ ક.(1961): હિન્દ સ્વરાજ, નવજીવન, અમદાવાદ.
2. ગાંધી મોહનદાસ ક.(1961): સત્યના પ્રયોગો આત્મકથા, નવજીવન, અમદાવાદ.
3. ગાંધી મોહનદાસ ક.(1964): મારા સ્વપનનું ભારત, નવજીવન, અમદાવાદ.
4. ગાંધી મોહનદાસ ક.(1956): કેળવણીનો કોયડો, નવજીવન, અમદાવાદ.
5. શાસ્ત્રી જયન્દ્રે દવે (2013): ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6.